આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૫૦ | ૩ માર્ચ, ૨૦૧૪, સોમવાર; ફાગણ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

વર્તમાનની કમાણી કરેલા ધનની બચત જે માણસ કરતો નથી તેને ભવિષ્યમાં ઘોર પસ્તાવો થાય છે
- ચાણક્ય

જિલ્લામાં પાંચ મોડેલ મતદાન મથક બનાવાશે

વિધાનસભા મતવિસ્તાર દીઠ સલામતિ, સુરક્ષા, વીજળી પેયજળની સુવિધા સહિતને ધ્યાને રાખી આ મોડેલ મતદાન મથક બનશે : મોડેલ મતદાન મથકોની ઓળખ માટે ખાસ કલર કોડ અપાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની પાંચેય વિધાનસભા મતવિસ્તારમાં એક-એક મોડેલ મતદાન મથક બનાવાવમાં આવશે. આ મોડેલ મતદાન મથક બનાવવા માટે તંત્રએ કવાયત હાથ ધરી છે.

કેન્દ્રીય ચૂંટણી પંચે રાજ્યની દરેક વિધાનસભા મતવિસ્તારમાં પ્રાયોગિક ધોરણે એક-એક મોડેલ મતદાનમથક બનાવવાની આપેલી સૂચના બાદ રાજ્યકક્ષાએથી પણ આ સૂચનાઓ જિલ્લાના અધિકારીઓને આપી દેવામાં આવી છે.

મોડેલ મતદાન મથકની પસંદગી માટેના માપદંડ પણ નિયત કરવામાં આવ્યા છે. જેમાં મતદારો માટેની સુવિધા અને સુરક્ષા સહિતના ઘણા બધા પાસાઓ ધ્યાને લેવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે મતદાન મથકોની હાલની સ્થિતિ અંગે વિડીયોગ્રાફી કરાવવામાં આવી રહી છે. હવે મોડેલ મતદાનમક બનાવવાની સૂચનાને પગલે તંત્રની દોડધામમાં વધારો થવા પામ્યો છે.

મળતી વિગતો પ્રમાણે મોડેલ મતદાન મથક માટે કલર કોડ પણ નિયત કરવામાં આવ્યો છે. મતદારો માટે શૌચાલય, પીવાના શુધ્ધ પાણીની વ્યવસ્થા, મતદારોને બેસવા માટેની વિશેષ સુવિધા, મતદાન મથકમાં વીજળીની સુવિધા, મતદાન મથકમાં સુરક્ષાની સ્થિતિ સહિતની વિવિધ બાબતોને ધ્યાને રાખી મોડેલ મતદાન મથક તૈયાર કરવાનું રહેશે.

જિલ્લા તંત્ર આ અંગે દરેક વિધાનસભાના આર.ઓ. પાસેથી વિગતવાર અહેવાલ મેળવી મોડેલ મતદાન મથક અંગેની જાણ ચૂંટણી પંચને કરશે. આ મોડેલ મતદાન મથકોની યાદી પંચ દ્વારા પ્રસિદ્ધ થશે તેમ પણ જાણવા મળેલ છે.

મોડેલ મતદાન મથક બનાવવા માટે ખાસ ગ્રાન્ટ પણ સરકાર દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૬ પર

NEWS ન્યૂઝ

કિરણબેદી ભાજપમાં જોડાશે

જનલોકપાલ આંદોલન સમયથી અણ્ણા હજારે સાથે રહેલા દિલ્હીના પૂર્વ પોલીસ કમિશનર અને જાણીતા સામાજીક કાર્યકર કિરણ બેદી સક્રિય રાજકારણમાં ઝંપલાવે તેવી શકયતા છે. કિરણ બેદી ભાજપમાં જોડાય તેવી પ્રબળ શકયતાઓ છે. કિરણ બેદીને દિલ્હીની ચાંદની ચોક બેઠકની ટીકીટ આપવામાં આવે તેવી શકયતાઓ છે.